# 'રાષ્ટ્રીય અન્નસુરક્ષા કાયદો - ૨૦૧૩' ની સરળ સમજુતી

**તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૩ રાષ્ટ્રપતિની મંજુરી મળતાં 'રાષ્ટ્રીય અન્નસુરક્ષા નો કાયદો, ૨૦૧૩ અમલમાં આવ્યો. આ કાયદાનો ઉદ્દેશ્ય દેશની જનતાને પરવડે તેવી કિમતે, અન્ન અને પોષણક્ષમ આહાર પુરતા પ્રમાણમાં અને યોગ્ય ગુણવત્તા સાથે ઉપલબ્ધ કરાવવાનો છે, જેથી લોકો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે. આ કાયદો ૫, જુલાઈ ૨૦૧૩ થી વટહુકમ દ્વારા લાગુ પાડવામાં આવ્યો, હવે સંસદે પસાર કરેલા આ કાયદાને ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ મા.રાષ્ટ્રપતિની મંજુરી મળી ગઈ છે.**

**અન્નસુરક્ષા માટેની જોગવાઈઓ:**

1. **લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાના માધ્યમથી હક્કદાર કુટુંબોને રાહત દરે અનાજ મેળવવાનો અધિકાર:**
    - આ કાયદા હેઠળ ગ્રામ્ય-વિસ્તારના ૭૫% અને શહેરી વિસ્તારનાં ૫૦% પરિવારોને આવરી લેવામાં આવ્યાં છે.
    - **પ્રાથમિકતા ધરાવતા પરિવારના** દરેક સભ્યદીઠ માસિક પાંચ કિ.ગ્રા. અનાજ. વધુમાં-વધુ ૩-૦૦ રૂ. કિલો ચોખા, અને ૨-૦૦ રૂ. કિલો ઘઉં, તથા રૂ. ૧-૦૦ કિલો બરછટ ધાન.
    - **અંત્યોદય અન્ન-યોજના** ના હક્કદાર કુટુંબને કુટુંબદીઠ માસિક ૩૫/-કિલો અનાજ ઉપર જણાવ્યા પ્રમાણેના દરે મળશે.
2. **સગર્ભા બહેનો, અને ધાત્રી માતાઓ ને પોષક-આહાર માટે ટેકો:**
    - સગર્ભાવસ્થા દરમ્યાન અને બાળકના જન્મ પછી બાળક ૬ માસનું થાય ત્યાં સુધી ગામની આંગણવાડીના માધ્યમથી વિનામૂલ્યે નક્કી કરેલી ગુણવત્તાવાળું અને પોષણક્ષમ ભોજન મળશે.
    - પ્રસુતિ વેળાએ રૂ.૬૦૦૦/- થી ઓછો નહિ તેટલો યોગ્ય હપ્તામાં આર્થિક ટેકો.
3. **બાળકો માટે પોષક આહારની વ્યવસ્થા :**
    - દરેક બાળક ૧૪ વર્ષની ઉમર સુધી પોષણની જરૂરીયાતને અનુરૂપ ટેકો મેળવવા હક્કદાર રહેશે.
    - ૬ માસથી ૬ વર્ષની ઉમર સુધી દરેક બાળકને સ્થાનિક આંગણવાડીના માધ્યમથી વિનામૂલ્યે યોગ્ય પોષણક્ષમ ભોજન મળશે.
    - ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી એટલેકે ધોરણ આઠ સુધી શાળામાં મધ્યાહ્ન-ભોજન રજાના દિવસો સિવાય મળશે.
    - દરેક આગણવાડી અને શાળામાં ભોજન બનાવવાની, પીવાના પાણીની અને સેનીટેશનની વ્યવસ્થા.
    - રાજ્ય સરકાર સ્થાનિક આગણવાડીના માધ્યમથી કુપોષણથી પીડિત બાળકોને શોધી કાઢી વિનામૂલ્યે ભોજન ઉપલબ્ધ કરાવશે.
4. **કેટલાક કિસ્સામાં અન્નસુરક્ષા ભથ્થું મેળવવા અંગે:**
    - નક્કી કરેલા પ્રમાણમાં અનાજ અથવા ભોજન ના મળવાના કિસ્સામાં હક્કદાર વ્યક્તિ રાજ્ય સરકાર પાસેથી અન્નસુરક્ષા ભથ્થું મેળવવા હક્કદાર બનશે.
5. **રાજ્ય-સરકારે કરવાનાં કામો:**
    - રાજ્ય સરકારે આ કાયદાનો લાભ આપવા પ્રાથમિકતા ધરાવતાં પરિવારોની ઓળખ માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની રહેશે.
    - બને તેટલું ઝડપથી, વધુમાંવધુ ૩૬૫ દિવસની અંદર પ્રાથમિકતા ધરાવતા પરિવારોની ઓળખ કરી લેવાની રહેશે.

- રાજ્ય સરકારે પ્રાથમિકતા માટે યોગ્યતા ધરાવતા પરિવારોની તૈયાર કરેલી યાદી દેખાય તેવી જગ્યાએ જાહેરમાં પ્રસિદ્ધ કરવાની રહેશે.

6. **જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધાર**:
   - સસ્તા અનાજની દુકાન સુધી અનાજ સરકારે પહોચાડવું.
   - અનાજનો જથ્થો ગેરમાર્ગે ના જાય તે માટે તમામ સ્તરે સંચાર અને માહિતીના માધ્યમોથી કોમ્પ્યુટરાઈઝ માહિતી નિભાવવી જેથી તમામ વ્યવહારોમાં પારદર્શિતા આવે.
   - તમામ સ્તરે નિભાવવામાં આવતા રેકોર્ડમાં પારદર્શિતા જાળવવી.
   - પંચાયત, બહેનોનાં સ્વ-સહાય જૂથો, સહકારી મંડળીઓ, વગેરે જાહેર એકમોને દુકાન ફાળવવામાં અગ્રતા આપવી.
   - સ્થાનિક પરિસ્થિતિ મુજબ વિતરણ થતી ચીજ-વસ્તુઓ, અનાજ વગેરેમાં વિવિધતા સમય જતાં લાવવી.
   - ગ્રેઇન-બેંક અને સ્થાનિક વિતરણની નમુનારૂપ વ્યવસ્થાને ટેકો કરવો.

7. **મહિલા સશક્તિકરણ**:
   - રાશનકાર્ડ કાઢવા અંગે કુટુંબની સૌથી મોટી વ્યક્તિ જ્યારે ૧૮ વર્ષથી મોટી ઉમરની મહિલા હોય તે કિસ્સામાં કુટુંબના વડા તરીકે મહિલાનું નામ રહેશે.
   - કુટુંબના વડા તરીકે જ્યારે મહિલા સભ્ય ૧૮ વર્ષથી નાની ઉમરના હોય કે કુટુંબમાં મહિલા સદસ્ય ના હોય તે કિસ્સામાં સોથી મોટા પુરુષ સભ્યના નામે રાશન કાર્ડ નીકળશે, પરંતુ કુટુંબના ૧૮ વર્ષથી નાની મહિલા સદસ્ય જ્યારે ૧૮ વર્ષ પુરા કરે ત્યારથી કુટુંબના વડા તરીકે આવી મહિલા સદસ્યનું નામ રહેશે.

8. **તકરાર નિવારણ**:
   - દરેક રાજ્યે આંતરિક તકરાર નિવારણની વ્યવસ્થાનું માળખું ઉભું કરવાનું રહેશે. જેમાં કોલ-સેન્ટર, હેલ્પ-લાઈન, જવાબદાર અધિકારીની નિયુક્તિ વગેરેનો સમાવેશ થાય છે.
   - રાજ્ય સરકારે દરેક જીલ્લામાં આ કાયદા હેઠળ ઝડપી અને અસરકારક રીતે ફરિયાદોના નિવારણ માટે 'જીલ્લા તકરાર નિવારણ અધિકારી' ની નિયુક્તિ/નિમણૂક કરવાની રહેશે.
   - રાજ્ય સરકારે આવા અધિકારીને પુરતો સ્ટાફ, ઓફીસ અને પગાર ભથ્થા સહિતની અન્ય વ્યવસ્થા આપવાની રહેશે.
   - 'જીલ્લા તકરાર નિવારણ અધિકારી' અનાજ અને ભોજન ના મળવા અને તેને સંબંધીત અન્ય ફરિયાદો સાંભળી તેનો નિવેડો લાવશે.
   - જીલ્લા તકરાર નિવારણ અધિકારી ના હુકમથી નારાજ વ્યક્તિ 'રાજ્ય અન્ન-આયોગ' માં અપીલ કરી શકાશે.

9. **રાજ્ય અન્ન-આયોગ**:
   - દરેક રાજ્ય સરકાર આ કાયદાના અમલીકરણ અને નિગરાની ના હેતુ માટે 'રાજ્ય અન્ન-આયોગ' ની રચના કરશે.
   - આ આયોગમાં એક અધ્યક્ષ, પાંચ સભ્યો અને સંયુક્ત સચિવથી નીચેની કક્ષાના ના હોય તેવા એક સભ્ય-સચિવ હશે.
   - ઉપરના પૈકી કોઈપણ બે મહિલા હશે, ઉપરાંત એક વ્યક્તિ અનુસુચિત-જાતી અને એક વ્યક્તિ અનુસૂચિત જન-જાતીની હશે.


માહિતી અધિકાર ગુજરાત પહેલ : બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજપાર્ક ચાર-રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૫૧.
માહિતી અધિકાર હેલ્પલાઇન: ૯૯૨૪૦૮૫૦૦૦, www.mahitiadhikar.blogspot.com

- અધ્યક્ષ અને સભ્યો, અખિલ ભારતીય સેવા, સિવિલ સર્વિસ, વગેર પર રહી અન્નસુરક્ષા, નીતિ-નિર્ધારણ, ખેતી, સિવિલ સપ્લાય, ન્યુટ્રીશન, હેલ્થ, માનવ અધિકાર, સામાજિક સેવા, વગેરે ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
- અધ્યક્ષ સહીત સભ્યોની પાંચ વર્ષ માટે નિયુક્તિ થશે. પુન:નિયુક્તિ થઇ શકાશે, વય મર્યાદા ૬૫ વર્ષની રહેશે.
- આયોગને ફરિયાદોના નિકાલ માટે સિવિલ પ્રોસીજર કોડ ૧૯૦૮ મુજબની, દાવો ચલાવવા માટે સિવિલ કોર્ટને હોયછે તે પ્રકારની સત્તાઓ રહશે.

**10. અન્નસુરક્ષા અંગે કેન્દ્ર સરકારની જવાબદારીઓ** :

- આ કાયદા મુજબ જરૂરી અનાજનો પુરવઠો રાજ્યોને પૂરો પાડશે.
- અનાજના પુરવઠા માટે પરિવહનની વ્યવસ્થા કરશે.
- રાજ્યમાં આંતરિક પરિવહનની જવાબદારી રાજ્યની રહેશે.
- આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે અનાજ સંગ્રહ કરવાની વ્યવસ્થા ઉભી કરશે.
- કેન્દ્ર દ્વારા ફાળવવામાં આવતા અનાજના પુરવઠામાં ખેંચ પડે તો ખૂટતું અનાજ ખરીદવા કન્દ્ર સરકાર રાજ્યને જરૂરી ફંડ આપશે.

**11. અન્નસુરક્ષા અંગે રાજ્ય સરકારની જવાબદારીઓ** :

- અન્નસુરક્ષા નિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના જુદા-જુદા વિભાગો અને મંત્રાલયો દ્વારા ચાલતી યોજનાઓના અમલીકરણ અને નિગરાણી માટે જવાબદાર રહેશે.
- લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા સંદર્ભે રાજ્ય સરકારની નીચે મુજબ જવાબદારી રહેશે;
  1) નિયત કરેલા ડેપો પરથી અનાજની ડીલીવરી અનુસૂચિમાં નક્કી કરેલા દરે લેવાની રહેશે,
  2) ફાળવવામાં આવેલો અનાજનો જથ્થો રાજ્યની અંદર સત્તાવાર એજન્સીના માધ્યમથી સસ્તા અનાજની દુકાનો સુધી પહોચાડવાનો રહેશે,
  3) ફાળવવામાં આવેલા અનાજના જથ્થાનું વિતરણ અનુસૂચિમાં ઠરાવેલી કિમતે દરેક હક્કદાર કુટુંબ અને વ્યક્તિ સુધી પહોચે તેની ખાત્રી કરવાની રહેશે.
- કાયદા મુજબ હક્કદારો માટે જરૂરી અનાજનો જથ્થો નિયત ડેપો પરથી સમયસર મેળવી લેવાનો રહેશે.
- હક્કદાર કુટુંબ કે વ્યક્તિને અનાજ કે ભોજન પૂરું ના પાડી શકવાના કિસ્સામાં રાજ્ય સરકાર હક્કદારાને અન્નસુરક્ષા ભથ્થું ચુકવવા માટે જવાબદાર ગણાશે.

**12. જાહેર વિતરણ વ્યવસ્થાના અસરકારક સંચાલન માટે**;

- રાજ્ય, જીલ્લા અને તાલુકા સ્તરે અનાજ અને અનાજ આધારિત યોજનાઓના અમલ માટે પુરતા પ્રમાણમાં વૈજ્ઞાનિક ઢબે અનાજ સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી.
- અન્ન અને નાગરિક પુરવઠા નિગમ તથા લાગતી-વળગતી અન્ય એજન્સીઓને સક્ષમ કરવી.
- સસ્તા અનાજની દુકાનોને પરવાના આપવા અંગે આવશ્યક ચીજ-વસ્તુ ધારો ૧૯૫૫ અને કંટ્રોલ ઓર્ડર-૨૦૦૧ સાથે સુસંગત સંસ્થાગત વ્યવસ્થા ઉભી કરવી.

**13. અન્નસુરક્ષા અંગે સ્થાનિક સત્તા-મંડળોની જવાબદારીઓ**:

- સ્થાનિક સત્તા-મંડળો પોતાના વિસ્તારમાં આ કાયદાના અમલ માટે જવાબદાર ગણાશે.



માહિતી અધિકાર ગુજરાત પહેલ : બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજપાર્ક ચાર-રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૫૧.
માહિતી અધિકાર હેલ્પલાઇન: ૯૯૨૪૦૮૫૦૦૦, www.mahitiadhikar.blogspot.com

- રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાના અમલીકરણ માટે જરૂરી લાગે તેવી વધારાની જવાબદારી પણ સોંપી શકાશે.
- કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગો અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં જુદી-જુદી યોજનાઓના અમલ માટે આ કાયદાની જોગવાઈઓના અમલીકરણ માટે ફરજો અને જવાબદારીઓ નિભાવવા સ્થાનિક સત્તા-મંડળો જવાબદાર ગણાશે. આ માટે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા તેમને જરૂરી આદેશ કરી શકશે.

**14. લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા ને લગતા રેકોર્ડને જાહેર કરવા અને સોશિયલ ઓડીટ અંગે**:

- લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાને લાગતું તમામ રેકોર્ડ જાહેર કરવાનું (પબ્લિક ડોમેનમાં મુકવાનું) રહેશે.
- આ તમામ રેકોર્ડ લોકોના નિરીક્ષણ માટે ખુલ્લું રહેશે.
- રાજ્ય સરકાર દ્વારા અધિકૃત તમામ સ્થાનિક સત્તામંડળો, અન્ય સત્તામંડળ કે એકમો એ સમયાંતરે સસ્તા અનાજની દુકાનો, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અને અન્ય કલ્યાણકારી યોજનાઓના સંચાલન અને કામગીરીનું સોશિયલ ઓડીટ કરી તેનો અહેવાલ અને લીધેલાં પગલાંની વિગતો પ્રસિદ્ધ કરવાની રહેશે.
- જો કેન્દ્ર સરકારને જરૂરી લાગે તો સોશિયલ ઓડીટનો અનુભવ ધરાવતી સ્વતંત્ર એજન્સી પાસે આવું ઓડીટ કરાવી શકાશે.

**15. તકેદારી સમિતિઓની રચના** :

- પારદર્શિતા નિશ્ચિત કરવા અને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે કામ કરે, તથા અમલદારોની આ વ્યવસ્થા પ્રત્યે જવાબદેહિતા લાવવા, રાજ્ય, જીલ્લા, તાલુકા અને સસ્તા અનાજની દુકાનના સ્તરની તકેદારી સમિતિઓની રચના આવશ્યક ચીજ-વસ્તુ ધારો -૧૯૫૫ નીચેના કંટ્રોલ ઓર્ડર ૨૦૦૧ મુજબ દરેક રાજ્યે કરવાની રહેશે. આ સમિતિઓમાં રાજ્ય સરકારે ઠરાવ્યા મુજબ અનુસુચિત જાતી, અનુસુચિત જન-જાતી, મહિલા, નિરાધાર તેમજ વિકલાંગ વ્યક્તિને પ્રતિનિધિત્વ આપવાનું રહેશે.

**16. તકેદારી સમિતિના કર્યો** :

- અન્નસુરક્ષાના કાયદા હેઠળની તમામ યોજનાઓ પર નિયમિત દેખ-રેખ રાખવાની રહેશે.
- અન્નસુરક્ષાના કાયદાનો ભંગ થયાનું જણાય તો જીલ્લા તકરાર નિવારણ અધિકારીને લેખિતમાં જાણ કરવાની રહેશે.
- જો કોઈ અનિયમિતતા (માલ-પ્રેક્ટીસ) કે નાણાકીય ઉચાપત થયાનું ધ્યાન પર આવે તો તેની જીલ્લા તકરાર નિવારણ અધિકારીને લેખિતમાં જાણ કરવાની રહેશે.

**17. પહાડી અને દૂરના વિસ્તારોમાં વસતા લોકો અને આદિવાસી વિસ્તારો અંગે**:

- પહાડી અને દૂરના વિસ્તારો અને આદિવાસી વિસ્તારોમાં વસતા લોકો, અને વિશેષ જૂથો ને અન્નસુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર ખાસ લક્ષ આપશે.

**18. ફરિયાદ અને અપીલના નિકાલ અને શિક્ષા અંગે**:

- જીલ્લા તકરાર નિવારણ અધિકારીના આદેશ, સૂચના કે ભલામણને વ્યાજબી કારણ સિવાય ઈરાદાપૂર્વક નકારવા માટે જવાબદાર જાહેર સેવકનો રૂ.૫૦૦૦/- સુધી દંડ આ કાયદા હેઠળ રચાયેલ રાજ્ય આયોગ કરી શકાશે.
- કલમ-33 મુજબ દંડ કરતા પહેલા લાગતા-વળગતા અધિકારીને બચાવની વ્યાજબી તક અપાશે, જરૂર લાગે તો આયોગના અધ્યક્ષ અન્ય સભ્યને આ બાબતે યોગ્ય તપાસ માટે જણાવી શકાશે.